| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૧–૦૨–૨૦૨૨ |
| નોંધણી તારીખ | ૧૧–૦૨–૨૦૨૨ |
| ફેંસલ તારીખ | ૩૦–૦૪–૨૦૨૨ |
| સમયગાળો | વર્ષ....માસ..... દિવસ... |

**મે. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, કોર્ટ નં.૩, અમદાવાદ.**

| | |
|---|---|
| **ફોજદારી કેસ નંબર** | **૧૫૧૫૮ / ૨૦૨૨** |
| **આંક** | **૧૫** |

**ફરીયાદી** :– શ્રી સરકાર

**વિ રૂ દ્ધ**

**આરોપીઓ** :– (૧) નિરવભાઈ ઉર્ફે નીકો નટવારભાઈ મહેરીયા, ઉ.વ.આ.૨૯, રહે. ૩૦૭/સી/૩૮, સિધ્ધાર્થનગર, શારદાબેન હોસ્પિ. પાસે, સરસપુર, અમદાવાદ.

(૨) કેતુલભાઈ રતીલાલ ચૌહાણ, ઉ.વ.આ.૨૧, રહે. ૩૦૭/સી/૪૦, સિધ્ધાર્થનગર, શારદાબેન હોસ્પિ. પાસે, સરસપુર, અમદાવાદ.

**એડવોકેટસ** : ફરીયાદ પક્ષે વિ. એ.પી.પી.શ્રી પી. વી. પ્રજાપતિ

આરોપીઓ પક્ષે વિ.વ.શ્રી એમ. સી. વાઘેલા

**<u>ગુનો :- ઈ.પી.કો. કલમ ૩૩૨, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ મુજબ.</u>**

**<u>'' જ જ મે ન્ટ ''</u>**

(૧) આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ ૩૩૨, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ મુજબના ગુનાનો આક્ષેપ છે.

(૨) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૦૮/૦૨/૨૦૨૧ ના કલાક ૧૨-૩૦ વાગ્યાના સુમારે સરસપુર સબઝોનલ ઓફીસ બાલભવનમાં જાહેરમાં આરોપીઓએ આ કામના ફરીયાદી કે જે સરસપુર સબઝોનલ ઓફીસમાં આસી. સીટી ઈજનેર (વોર્ડ ઓફીસર) તરીકે પોતાની કાયદેસરની ફરજ પર હાજર હતા ત્યારે તેઓની ઓફીસમાં જઈ અમે ત્રણથી ચાર વખત ફરીયાદ કરેલ છે અમારૂં કામ થતું નથી તેમ કહી બુમાબુમ કરતાં ફરીયાદીએ આરોપીઓને સાહેદ દિપીકાબેન કે જેઓ આસી.ઈજનેર હોય તેઓ પાસે મોકલતાં આરોપીઓ ગંદી બીભત્સ ગાળો બોલવા લાગેલ, જેથી ફરીયાદી તેઓ પાસે જઈ ગાળો નહી બોલવા જણાવતાં આરોપીઓ ફરીયાદી ઉપર ઉશ્કેરાઈ ગુસ્સે થઈ બીભત્સ ગાળો બોલી આરોપી કેતુલભાઈ રતીલાલ નાઓએ ફરીયાદીને લાફો મારી તેમજ આરોપી નિરવ ઉર્ફે નીકો નાએ ફરીયાદીને માથામાં તેને પહેરેલ કડુ મારી ફરીયાદીને ઈજાઓ કરતાં ફરીયાદીને લોહી નીકળતાં બુમાબુમ થતાં આજુબાજુના માણસો ભેગા થતાં આરોપીઓએ ત્યાંથી પોતાની એકટીવા નંબર જીજે-૦૧-એન.ઝેડ.૬૬૪૧ ની લઈ નાસી જઈ એકબીજાની મદદગારીમાં ગુનો કરેલો. તે મુજબ ફરીયાદીએ પોલીસ સમક્ષ ફરીયાદ લખાવતાં શહેરકોટડા પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૪૧૨૧૦૨૭૪/૨૨ થી ફરીયાદ રજીસ્ટરે લઈ, તપાસ કરી, તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરાવો જણાતાં આરોપીઓને અટક કરી, આરોપીઓ સામે ઈ.પી.કો.કલમ ૩૩૨, ૩૨૩, ૨૯૪(ખ),૧૧૪ મુજબના ગુના બાબત ચાર્જશીટ કરેલ છે.

(૩) આરોપીઓ કોર્ટમાં હાજર થતાં, આરોપીઓને ક્રી.પ્રો.કો.કલમ ૨૦૭ મુજબ ચાર્જશીટ તથા પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી છે. આરોપીઓ

સામેના ગુનાના આંક–૪ ના તહોમતનામાની હકીકત વાંચી, સંભળાવી, સમજાવી, આરોપીઓનું પ્રાથમીક નિવેદન આંક– ૫ તથા ૬ થી લેવામાં આવેલ છે, જેમાં આરોપીએ આક્ષેપવાળા ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવા માંગણી કરેલી છે. ફરીયાદપક્ષનો પુરાવો શરૂ થતાં પહેલાં આ કામના પક્ષકારોએ આંક–૦૭ થી સમાધાન પુરસીસ રજુ કરેલી છે. પરંતુ આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ ૩૩૨, ૩૨૩, ૨૯૪(ખ) તથા ૧૧૪ મુજબનો ગુના કર્યાનો આક્ષેપ હોય અને તે ગુનાઓ પૈકી ઈ.પી.કો. કલમ ૩૩૨, ૨૯૪(ખ) મુજબનો ગુનો બીન સમાધાનપાત્ર હોવાથી સમાધાન પુરસીસ મંજુર થઈ શકે તેમ ન હોય સમાધાન પુરસીસ નામંજુર કરવામાં આવે છે અને ગુનાની કાર્યવાહી સંબંધે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવે છે.

(૪) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

**<u>મૌખિક પુરાવો તથા દસ્તાવેજી પુરાવો</u>**

| ક્રમ | પુરાવો તથા દસ્તાવેજ | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી રાઠોડ ઈશ્વરભાઈ દાનાભાઈની જુબાની | ૦૮ |
| ૨ | ફરીયાદ | ૦૯ |
| ૩ | સાહેદ દિપીકાબેન પંડયાની જુબાની | ૧૦ |
| ૪ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૧ |
| ૫ | આરોપીની શરીર સ્થિતિનું પંચનામું | ૧૨ |
| ૬ | સારવાર સર્ટીફીકેટ | ૧૩ |
| ૭ | કલોઝીંગ પુરસીસ | ૧૪ |

(૫) પુરાવાના અંતે આરોપીઓની વિરૂધ્ધ કહી શકાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ ન હોવાથી ક્રિ.પ્રો.કોડ કલમ ૩૧૩ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. આરોપીઓએ પોતે સોગંદ ઉપર જુબાની આપેલી નથી કે બચાવના સાહેદો

---

તપાસેલા નથી. ત્યારબાદ બંને પક્ષકારોની મૌખિક દલીલો સાંભળવામાં આવેલી છે.

(૬) આ કેસની ઉપરોકત હકીકતો અને ફરીયાદપક્ષના આખરી નિર્ણય માટે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયાં છે.

૧) શુ ફરીયાદપક્ષ સ્પષ્ટ અને નિ:શંક રીતે પુરવાર કરે છે કે, બનાવના દિવસે, સમયે અને સ્થળે આરોપીઓએ આ કામના ફરીયાદી કે જે સરસપુર સબઝોનલ ઓફીસમાં આસી. સીટી ઈજનેર (વોર્ડ ઓફીસર) તરીકે પોતાની કાયદેસરની ફરજ પર હાજર હતા ત્યારે તેઓની ઓફીસમાં જઈ અમે ત્રણથી ચાર વખત ફરીયાદ કરેલ છે અમારૂં કામ થતું નથી તેમ કહી બુમાબુમ કરતાં ફરીયાદીએ આરોપીઓને સાહેદ દિપીકાબેન કે જેઓ આસી.ઈજનેર હોય તેઓ પાસે મોકલતાં આરોપીઓ ગંદી બીભત્સ ગાળો બોલવા લાગેલ, જેથી ફરીયાદી તેઓ પાસે જઈ ગાળો નહી બોલવા જણાવતાં આરોપીઓ ફરીયાદી ઉપર ઉશ્કેરાઈ ગુસ્સે થઈ બીભત્સ ગાળો બોલી આરોપી કેતુલભાઈ રતીલાલ નાઓએ ફરીયાદીને લાફો મારી તેમજ આરોપી નિરવ ઉર્ફે નીકોએ ફરીયાદીને માથામાં તેને પહેરેલ કડુ મારી ફરીયાદીને ઈજાઓ કરતાં ફરીયાદીને લોહી નીકળતાં બુમાબુમ થતાં આરોપીઓએ ત્યાંથી પોતાની એકટીવા નંબર જીજે-૦૧ -એન.ઝેડ.૬૬૪૧ ની લઈ નાસી જઈ ઈ.પી.કો.કલમ ૩૩૨, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨) શું હુકમ ?

(૭) <u>ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નીર્ણયો નીચે મુજબ છે.</u>

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.

:: કા ર ણો ::

મુદ્દા નંબર:–૧

(૯) ઉભય પક્ષકારોની તમામ રજુઆત ધ્યાનમાં લેતાં બનાવની તારીખ, સમય અને સ્થળ અંગે કોઈ વિવાદ નથી. બનાવના દિવસે, સમયે અને સ્થળે ભોગબનનાર ઈસમને ઈજા થયેલ છે તે અંગે પણ કોઈ વિવાદ નથી, જેને આ કામે રજુ થયેલ મેડીકલ સર્ટી. થી પણ સમર્થન મળે છે. ફરીયાદ પક્ષના કેસ મુજબ તા.૦૮/૦૨/૨૦૨૧ ના કલાક ૧૨–૩૦ વાગ્યાના સુમારે સરસપુર સબઝોનલ ઓફીસ બાલભવનમાં જાહેરમાં આરોપીઓએ આ કામના ફરીયાદી કે જે સરસપુર સબઝોનલ ઓફીસમાં આસી. સીટી ઈજનેર (વોર્ડ ઓફીસર) તરીકે પોતાની કાયદેસરની ફરજ પર હાજર હતા ત્યારે તેઓની ઓફીસમાં જઈ અમે ત્રણથી ચાર વખત ફરીયાદ કરેલ છે અમારૂં કામ થતું નથી તેમ કહી બુમાબુમ કરતાં ફરીયાદીએ આરોપીઓને સાહેદ દિપીકાબેન કે જેઓ આસી.ઈજનેર હોય તેઓ પાસે મોકલતાં આરોપીઓ ગંદી બીભત્સ ગાળો બોલવા લાગેલ, જેથી ફરીયાદી તેઓ પાસે જઈ ગાળો નહી બોલવા જણાવતાં આરોપીઓ ફરીયાદી ઉપર ઉશ્કેરાઈ ગુસ્સે થઈ બીભત્સ ગાળો બોલી આરોપી કેતુલભાઈ રતીલાલ નાઓએ ફરીયાદીને લાફો મારી તેમજ આરોપી નિરવ ઉર્ફે નીકો નાએ ફરીયાદીને માથામાં તેને પહેરેલ કડુ મારી ફરીયાદીને ઈજાઓ કરતાં ફરીયાદીને લોહી નીકળતાં બુમાબુમ થતાં આજુબાજુના માણસો ભેગા થતાં આરોપીઓએ ત્યાંથી પોતાની એકટીવા નંબર જીજે–૦૧–એન.ઝેડ.૬૬૪૧ ની લઈ નાસી જઈ એકબીજાની મદદગારીમાં ગુનો કરેલો હોવાનો આક્ષેપ છે, જે હકીકત પુરવાર કરવા આ કામે આંક–૦૮ થી ફરીયાદી રાઠોડ ઈશ્વરભાઈ દાનાભાઈ નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવતાં તેઓએ તેમના સોગંદ ઉપરના પુરાવામાં બનાવ તા.૮/૨/૨૦૨૧ ના રોજ બનેલો. બનાવના દિવસે ફરીયાદી સરસપુર ખાતે ઝોનલ ઓફીસમાં હારજર હતા જે બાબતે તેમની સામે સામાન્ય બોલાચાલી થયેલી જે બાબતે તેઓએ પોલીસમાં ફરીયાદ આપેલી જેમાં મારી સહી છે જે નકલ

---

આંક–૮ ના જંગના બનાવની ફરીયાદ આપેલી તેમ જણાવી ફરીયાદ ઉપર પોતાની સહી ઓળખી બતાવેલ છે. ફરીયાદી, ફરીયાદ હકીકતને સમર્થન આપતાં ન હોવાથી વિ.એ.પી.પી. ધ્વારા સાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરાવી ઉલટતપાસ કરેલ છે, પરંતુ કોઈ મહત્વની હકીકત રેકર્ડ ઉપર લાવી શકાયેલ નથી.

ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૧૧ માં સાહેદ દીપીકાબેન પૂનમભાઈ પંડયાને સોગંદ ઉપર તપાસતાં તેઓએ તેમના સોગંદ ઉપરના પુરાવામાં તા.૮/૨/૧૭ ના રોજ બનાવ બનેલો, બનાવ વખતે તેની ઝોનલ ઓફીસે હતી ત્યારે બે ઈસમો ત્યાં આવેલા અને ફરીયાદી સાથે બોલાચાલી કરેલી. જયારે બચાવપક્ષ તરફે કરવામાં આવેલી ઉલટતપાસમાં ફરીયાદી તથા સાહેદે એ વાતનો સ્વીકાર કરેલો છે કે તેઓને આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ છે અને કેસ આગળ ચલાવવો નથી.

(૧૦) ક્રિમીનલ ટ્રાયલનો મુળભુત સિધ્ધાંત એ છે કે ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવાનો રહે છે. ફરીયાદપક્ષના કેસ સંદર્ભે જો બચાવપક્ષ શંકા ઉત્પન્ન કરવામાં સફળ થાય તો તે શંકાનો લાભ બચાવપક્ષને આપવો જોઈએ. હાલના કેસમાં સદર સિધ્ધાંતને મુલવતાં આ કામે ફરીયાદપક્ષ ધ્વારા જે ઉપરોકત પુરાવો રજુ કરેલ છે તથા તેના સમર્થનમાં જે દસ્તાવેજો રજુ કરેલ છે તેને તપાસતાં નિ:શંકપણે સાબિત કરવા માટે ફરીયાદીની ફરીયાદ હકીકત તેમજ નજરે જોનાર તથા હકીકતને સાંભળીને રજુ કરનાર સાહેદોનો મૌખિક પુરાવો બનાવનો સમય, સ્થળ તથા ઈજા સંદર્ભેનો એકરૂપ પુરાવો તથા ફરીયાદીની ફરીયાદ સંદર્ભે તથા સાહેદોને મૌખિક પુરાવામાં આવેલ હકીકતો સંદર્ભેની ગુણવત્તા મહત્વની બની જાય છે. આ કામે ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ ઉપરોકત સમગ્ર મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓને વંચાણે લેતાં આ કામે ફરીયાદ પક્ષનો કેસ જોવામાં આવે તો પ્રથમ ક્રિમીનલ ટ્રાયલનો સિધ્ધાંત ધ્યાને લેતા ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે સાબીત કરવાનો રહે છે અને નિ:શંકપણે સાબીત કરવા માટે આક્ષેપીત ગુન્હાની હકીકતો સોગંદ પરના પુરાવા સાથે સમાંતર રીતે પુરવાર થવી જોઈએ તેમજ ફરીયાદપક્ષના

તમામ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ બની શકે તે મુજબનો મૌખીક પુરાવો રેકર્ડ પર રજુ કરવાનો રહે છે અને પુરાવાની તમામ સાંકળની કડીઓ એકબીજા સાથે જોડાય ત્યારે કેસ નિ:શંકપણે સાબીત થયેલો માની શકાય અન્યથા બચાવપક્ષ જો ફરીયાદપક્ષના કેસ પર થોડી પણ શંકા ઉત્પન્ન કરવામાં સફળ થાય તો તે શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર રહે છે.

(૧૧) આ કામે ફરીયાદપક્ષ દવારા રજુ કરવામા આવેલ પુરાવાનું આક્ષેપીત ગુન્હાના તત્વો સાથે મુલ્યાંકન કરતા પહેલા નામદાર ઉચ્ચ તથા સર્વોચ્ચ અદાલત દવારા સદર ગુનાના તત્વોની સાબીતી સંદર્ભે જે ચુકાદાઓ પ્રસ્થાપિત કરેલ છે તે ચુકાદાના સિધ્ધાંતો તથા રેસીયો ધ્યાને લેવામાં આવે તો, આ કામના ફરીયાદીએ ફરીયાદ હકીકતને સમર્થન આપેલ નથી અને ફરી ગયેલ જાહેર થયેલ છે. તેમજ આ કામે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ અન્ય સાહેદના પુરાવાથી પણ આરોપીઓએ ફરીયાદી કે સાહેદને તેઓની કાયદેસરની ફરજ બજાવવામાં અડચણ કરી હોય કે આરોપીઓએ ફરીયાદી તથા સાહેદને કોઈ વ્યથા પહોચાડેલ હોય તેવી કોઈ હકીકત રજુ થતી નથી. આથી ફરીયાદી તથા સાહેદનો પુરાવો જોવામાં આવે તો એટલો બળવાન નથી કે જેના પર આધાર રાખી આરોપીઓને તકશીરવાન ઠરાવી શકાય. વધુમાં આરોપીઓએ ફરીયાદીને બીભત્સ ગંદી ગાળો બોલેલ હોય તે અસલ શબ્દો પણ રેકર્ડ પર આવેલ નથી. ઉલ્ટાનું તેઓને આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ હોવાનુ જણાવેલ છે. આમ ફરીયાદપક્ષ આક્ષેપીત હકીકત નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેમજ ફરીયાદપક્ષના સાહેદોએ સમર્થનકારી પુરાવો રજુ કરેલ નથી.

(૧૨) આમ ઉપરોકત સમગ્ર ચર્ચાએ ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનો પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં તદૃન નિષ્ફળ ગયેલ હોય મુદૃા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદૃા નં.૨ અંગે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**'' આ ખ રી હુ ક મ ''**

(૧) ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૪૮(૧) અન્વયે આરોપીઓને ઈ.પી.કો. કલમ ૩૩૨, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) ક્રિ.પ્રો.કો. ક.૪૩૭(એ) મુજબ આરોપીઓએ રૂા.૫૦૦૦/–ના જામીન રજુ કરવા.

હુકમ આજરોજ તારીખ – ૩૦ માહે એપ્રિલ સને : ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી તથા કોર્ટની સીલ કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| તારીખ :– ૩૦–૦૪–૨૦૨૨. | **(જીજ્ઞેશ જી. દામોદ્રા)** |
| અમદાવાદ. | એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,<br>કોર્ટ નં. ૩, અમદાવાદ.<br>**યુનિક કોડ નં. જીજે–૦૦૯૯૬.** |